જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૫/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૮૯૭/૧૬**

**શહેરકોટડા** : પ્રમોદ ઉર્ફે પપ્પુ સ/ઓ જગજીવનભાઇ વીરાભાઇ વાઘેલા (રહે,શાહ પોપટલાલ મોહનલાલની ચાલી, સીટીગોલ્ડ સિનેમા સામે, અનિલ રોડ સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૬ રાતનાં ૯/૧૫ વાગ્યાના સુમારે પુષ્પરાજ એસ્ટેટમાં જવાના રસ્તાની બાજુમાં આવેલ કેપ્રીકોન-૨ હોટલની નીચે આવેલ બાકડા નજીક આરોપી (૧) ધવલ નરોત્તમભાઇ રાણા તથા (૨) નરોત્તમભાઇ રાણા (બન્ને રહે, નુતન મીલ કમ્પાઉન્ડમાં સરસપુર) ભેગામળી પોતાના મિત્ર રીતેષ રાજવંશ સાથે બોલાચાલી ઝઘડો કરી, ધવલ નરોત્તમભાઇ રાણાએ મારા મિત્ર રીતેષ રાજવંશને ચપ્પાથી પેટના, પીઠના અને છાતીના ભાગે જીવલેણ ઘા મારી ઇજાઓ કરી તથા નરોત્તમભાઇ રાણાએ રીતેષને શરીરે લાતો મારી, રીતેષનુ મોત નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

ઉપરોકત ગુનાનાં આરોપી (૧) ધવલ નરોત્તમભાઇ રાણા તથા (૨)નરોત્તમભાઇ રાણા ને શહેરકોટડા પોલીસે તા.૧૪/૫/૧૬ બપોરનાં ૨/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

**ખુનની કોશીશની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૮૯૮/૧૬**

**સરદારનગર** : તોલારામ જયતીભાઈ સુજલાણી (સીંધી)(ઉ.વ.૨૮)(રહે,રમેશદત કોલોની, સરદાનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૬ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે તોલારામની છુટા-છેડા લીધેલ પત્ની મીનાબેનનાઓ તોલારામ સાથે રેહવા માંગતાં ન હોય, આરોપી (૧) મીનાબેન ડો/ઓ શનાભાઈ દંતાણી (૨) સુનીલ શનાભાઈ દંતાણી અને (૩) કોઈ અજાણી વ્યક્તિ (ત્રણેય રહે,રમેશદત કોલોની, સરદારનગર) ભેગામળી તોલારામને જાનથી મારી નાખવાં સારૂ હુમલો કરી, મીનાબહેને છરી વડે તોલારામનાં પેટની જમણી બાજુ પડખામા જીવલેણ ઘા માર્યો હતો. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>દુષ્પ્રેરણની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯૯/૧૬</u>**

**વાડજ** : ટીનાબહેન પુનમભાઈ ડાભી (રહે.ખોડાપુરની ચાલી, જુની પોસ્ટ ઓફીસ પાસે, ઇદગાહબ્રીજ પાસે, માધવપુરા) એ તા.૧૩/૫/૧૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી મનોજભાઇ કુબેરભાઇ સોલંકી (ભારતીબહેનનાં પતિ) (રહે.ઠાકોરવાસ, જુના વાડજ ગામ) નાં શારીરીક અને માનશીક ત્રાસથી કંટાળી જઇ ભારતીબહેને તા.૩/૫/૧૬ નારોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**સૃષ્ટી વિરૂધ્ધનાં કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૦૦/૧૬**

**વેજલપુર** :- જુહાપુરા વિસ્તારમાં રહેતી ૦૬ વર્ષની બાળાની માતાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૫/૧૬ બપોરનાં ૧૨/૦૦ થી ૧/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતાં સંબંધીનાં છોકરા (ઉ.વ.૧૪)એ બાળાને પાણીની બોટલ આપવા સારૂ પોતાના ઘરે બોલાવી, કાયદાનાં સંઘર્ષમાં આવી, બાળા સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યુ કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

<u>છેતરપીંડીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૯૦૧/૧૬</u>**

ક્રાઇમબ્રાન્ચ :- ચંદ્રકાંતભાઇ મફતલાલ પટેલ (ઉ.વ.૫૮)(રહે, શાયોના કુટીર, ધનંજય બંગલોઝની બાજુમાં, સોલા ભાગવત વિધ્યાપીઠ, સોલા) એ તા.૧૩/૫/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૧૬ થી તા.૨૮/૪/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન chandankumar@hpcl.in ના ધારકે ચંદ્રકાંતભાઇની કંપનીના ઇ-મેઇલ એડ્રેસ પર એચ.પી.સી.એલ.કંપનીના નામથી ખોટો મેઇલ કરી, ડીઝલની ખરીદીના રૂપિયા ૫૦,૦૦,૦૦૦/-, એસ.બી.આઇ.બેંકના એકાઉન્ટ નંબર ૨૦૨૬૫૪૧૯૧૯૧ માં જમા કરાવવાનું જણાવી, કરેલ પેમેન્ટમાંથી રૂપિયા ૧૩,૨૫,૦૦૦/- ઉપાડી લઇ, ચંદ્રકાંતભાઇની કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.રોજીયા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ :- શાલીન અતુલકુમાર પરીખ (ઉ.વ.૩૦) (રહે.અજીત સોસાયટી, અરુણ સોસાયટીની પાછળ, ભગવાનનગર ટેકરા પાસે પાલડી) એ તા.૧૩/૫/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીતસિંહ (રહે, લાહેબીટેટ મારૂતિ નંદન વિલા સામે, હેબતપુર રોડ, થલતેજ) (૨) અનિલકુમાર નેગી (રહે,મલાડ, ગીરીરાજ સી.એચ.એસ.માંમ્લેદારવાડી રોડ, મુંબઇ) અને (૩) હિરેન રમેશચંદ્ર પટેલ (રહે, સ્થાપના ફ્લેટ આઇ.સી.આઇ.સી.આઇ બેકની ઉપર, નારણપુરા) ભેગામળી શાલીન પરીખને વિશ્વાસમાં લઇ, સોલા ગણેશ મેરીડીયનમાં આવેલ સેફ્રોન થેરાપીટીકસ પ્રા.લી. કંપનીમાં રોકાણ કરવા સારૂ, શાલીન પરીખ પાસેથી રૂપિયા ૧,૦૪,૫૦,૦૦૦/- અને રૂપિયા ૫૮,૦૦,૦૦૦/- મેળવી લઇ, તે રકમ ફરીયાદીને પરત નહી કરી, શાલીન પરીખ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી તેથી શાલીન પરીખે આરોપી હિરેન પટેલ વિરુધ્ધ નામદાર કોર્ટમાં સીવીલ દાવો દાખલ કરતાં તેમજ અમીતસિંગ, અનિલકુમાર નેગી તથા હિરેન પટેલ વિરુધ્ધ ૧૩૮ નો કેસ દાખલ કરતાં આ રકમ શાલીન પરીખને પરત ન આપવી પડે તે સારૂ, જાત જાતના ડીફેન્સ ઉભા કરી ઉપરોકત ત્રણેય આરોપીઓએ 'રૂપિયા ૧,૦૪,૫૦,૦૦૦/- ની રકમ જતી કરે છે' તેવુ શાલીન પરીખની ખોટી સહીવાળુ લખાણ બનાવી, નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સાચા તરીકે રજુ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બાપુનગર** : મહેશકુમાર શંકરલાલ પટેલ (ઉ.વ.૪૪)(રહે, માધવ રો હાઉસ, વિનાયક પાર્ક સામે, ૧૦૦ ફુટ રીંગ રોડ ઓઢવ) એ તા.૧૩/૫/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૨/૧૬ થી તા.૧૧/૦૫/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી જેમીશ દલસુખભાઈ ધમસાનીયા (રહે, રાધે ક્રિષ્ણા રેસીડેન્સી, કાપોદરા, પાતીયા, અંકલેશ્વર) એ બાપુનગર ખાતે ડાયમંડ માર્કેટ, અરૂણ ચેમ્બર્સ દુકાન નં- ૧૦૬ પટેલ સોમભાઈ કંચન & કંપનીની આંગડીયા પેઢી ખાતેથી મહેશકુમારને "જગરાજસિહ જાડેજા" નામથી રૂપિયા ૪૦,૦૦૦/- લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ વિરચંદભાઇ ચલાવે છે.

ઉપરોકત કામનાં આરોપી જેમીશ દલસુખભાઈ ધમસાનીયાને બાપુનગર પોલીસે તા.૧૩/૫/૧૬ રાતનાં ૯/૫૫ વાગે પકડી અટક કરેલ છે.

**કૃષ્ણનગર** : જામસિંહ ઉર્ફે મહેન્દ્રસિંહ ચંદ્રસિંહ પરમાર (રહે.અમરદિપ પાર્ક સોસાયટી, એસ.આર.પી. ક્વોટર્સની પાછળ, નરોડા) એ તા.૧૩/૫/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા એક વર્ષથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી અરવિંદસિંહ મદનસિંહ પુવાર (રહે.ગામ: દધાણીયા તા.કડાણા જી.પંચમહાલ) એ પોતે સચીવાલયમાં સચીવ હોવાનું જણાવી જામસિંહને વિશ્વાસમાં લઇ, તેમનાં મિત્રનાં ભાણીયા અને સાહેદોને સરકારી નોકરી અપાવવાનાં બહાને કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, નોકરી નહીં અપાવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૦૨/૧૬</u>

**રામોલ** : પરેશકુમાર અંબાલાલ મેકવાન (રહે.શ્રીનંદ ડુપ્લેક્ષ રો હાઉસ, જીવનદીપ સ્કુલની સામે, સી.ટી.એમ. રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૫/૧૬ રાતનાં ૯/૩૦ થી તા.૧૩/૫/૧૬ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૫૦,૪૦૦/- અને ઘરનાં પાર્કિંગમાં પાર્ક કરેલ શિફ્ટ કાર નંબર જીજે.૨૭.એ.એચ.૬૪૪૮ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૦૩/૧૬</u>

**શહેરકોટડાઃ** **પ્રવિણભાઇ પરષોત્તમભાઇ ચૌહાણ** (ઉ.વ.૩૫)(રહે.રામલાની ચાલી, અમદુપુરા, શહેરકોટડા) એ કોઈ કારણસર તા.૧૧/૫/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

**ખાડીયા** : **મૈમીબહેન ધર્મેન્દ્રભાઇ સથવારા** (ઉ.વ.૧૭)(રહે.સોનીની પોળ, માંડવીની પોળ પાસે, આસ્ટોડીયા ચકલા, ખાડીયા) એ કોઈ કારણસર તા.૧૩/૫/૧૬ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના મામાનાં ઘરે, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.વ્યાસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)